તા. 31-08-2024

સમય : સવારે 7.10

# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 31-08-2024 સવારે : 7.10 થી 7.20

વાર : શનિવાર પ્રાદેશિક સમાચાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા.... પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- ✓ કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી આજે ગાંધીનગરથી સાતમા "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણીનો દેશવ્યાપી પ્રારંભ કરાવશે.
- ✓ કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.
- ✓ અતિભારે વરસાદને કારણે પાણીમાં ફસાયેલા લોકોને ઉગારવા તેમજ સ્થિતિને સામાન્ય બનાવવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી.
- ✓ ગુજરાત ઉદ્યોગ અને વેપારી મહામંડળે ભારે વરસાદના કારણે થયેલા નુકસાન સામે "વીમા" લાભ મેળવવા ઉદ્યોગો માટે "ઇન્શ્યોરન્સ હેલ્પ ડેસ્ક" શરૂ કર્યું.
- ✓ ગીરસોમનાથ વહીવટી તંત્રએ બે દિવસમાં 17 કરોડ રૂપિયાની જમીન પરથી ગેરકાયદે દબાણ હટાવ્યું.

.......................................................................................................

## POSHAN MAS

કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી આજે ગાંધીનગરથી સાતમા "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણીનો દેશવ્યાપી પ્રારંભ કરાવશે. મહાત્મા મંદિરમાં યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા પણ ઉપસ્થિત રહેશે.

તા. 31-08-2024

સમય : સવારે 7.10

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટ વિતરણ કરાશે અને વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ પણ કરાશે. પોષણ માસ અંતર્ગત દેશભરમાં પોષણ આધારીત વિવિધ વિષયવસ્તુ પર અનેકવિધ કાર્યક્રમ યોજાશે.

ઉલ્લેખનીય છે કે, સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં દેશની મહિલાઓ અને બાળકોમાં પોષણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવે છે.

.......................................................................

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજે કચ્છ અને સૌરાષ્ટ્રના જામનગર, દેવભૂમિદ્વારકા, પોરબંદર તેમ જ દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે આવતીકાલે નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉપરાંત બીજી સપ્ટેમ્બરે મધ્ય ગુજરાતના વડોદરા અને છોટા ઉદેપુરમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. આ તરફ સ્ટેટ એમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, રાજ્યના 130 ડેમ હાઈ-અલર્ટ, 16 ડેમ અલર્ટ, 6 ડેમ ચેતવણી પર રાખવામાં આવ્યા છે. જ્યારે 106 ડેમ 100 ટકા ભરાઈ ગયા હોવાના અહેવાલ છે.

.......................................................................

તા. 31-08-2024

સમય : સવારે 7.10

# RESCUE ROUND UP

રાજ્યભરમાં પડેલા ભારે વરસાદના પગલે પૂરપ્રકોપ છે. વરસાદી પાણીના નિકાલ માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

કચ્છ જિલ્લામાં ધરાશાયી થયેલા વૃક્ષો તથા નુકસાનગ્રસ્ત માર્ગોનું સમારકામ કરી પૂર્વવત્ કરવાની કામગીરી શરુ કરવામાં આવી છે. જીલ્લા પ્રભારીમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ અબડાસામાં જનજીવન સામાન્ય બને તે રીતે કામગીરી કરવા સૂચના આપી હતી. વરસાદના કારણે કુલ ૮૦૦થી વધારે લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

વડોદરા શહેરમાં પૂરના પાણી ઓસરતા સફાઈ અને આરોગ્યલક્ષી કામગીરી શરૂ કરાઈ છે. શહેરમાં રોગચાળો ન ફેલાય તે માટે બે મેડીકલ વાન ટીમ કામે લાગી છે. તો દેવભૂમિદ્વારકા જિલ્લામાં જિલ્લા કલેક્ટર તેમજ રાહત-બચાવ કામગીરીના પ્રભારી સચિવે તાલુકા મથકોએથી સંબંધિત અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા કરી. જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં તંત્ર દ્વારા ફૂડપેકેટનું વિતરણ કરવામાં આવ્યું. ભારતીય સેનાના જવાનોએ ખંભાળિયામાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં સહાય પૂરી પાડી હતી. મોરબી અને મહેસાણામાં અનેક વિસ્તારોમાં પાણી નિકાલ, રોડ રસ્તાના સમારકામ તેમજ સાફ-સફાઈની કામગીરી કરવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના જોરસિંગ સંગોડનું વીજળી પડતા જીવ ગુમાવનારના પરિવારને માનવમૃત્યુ સહાય યોજના અંતર્ગત ચાર લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. જિલ્લામાં વરસાદી પાણીથી રસ્તા ઉપર થયેલા ધોવાણને લીધે હાલ પ્રથમ તબક્કામાં ચાર તાલુકામાં રસ્તાઓનું સમારકામ ચાલી રહ્યું છે.

તા. 31-08-2024

સમય : સવારે 7.10

આકાશવાણી સાથે વાત કરતાં PGVCL જામનગરના અધિક્ષક એન.એન.અમીને જણાવ્યું હતું કે, જામનગર અને દ્વારકાના કુલ 356 ગામમાં વીજ પુરવઠો ખોરવાયો હતો, જે પૈકી મહદઅંશે વીજ પુરવઠો કાર્યરત કરી દેવામાં આવ્યો છે.

મહીસાગર જિલ્લામાં વિવિધ ગામોમાં એમજીવીસીએલના કર્મચારીઓ દ્વારા ૧ હજાર ૬૧૩ વીજ પોલને ઉભા કરી વીજ પુરવઠો ફરી શરૂ કરી દેવા કામગીરી શરૂ કરાઈ છે.

બનાસકાંઠા જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગના અટકાયતી પગલાં માટે પીવાના પાણીનો ક્લોરીન ટેસ્ટ તથા ક્લોરિન ટેબ્લેટ વિતરણ સાથે આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

.....................................................................

## SAMIKSHA BETHAK

અતિભારે વરસાદને કારણે તારાજી સર્જાયા બાદ હવે સ્થિતિને સામાન્ય બનાવવા માટેના રાજ્ય સરકાર દ્વારા પ્રયાસ આદરવામાં આવ્યાં છે.

ત્યારે આ માટે વિવિધ જિલ્લાઓના પ્રભારી મંત્રીઓ સંલગ્ન જીલ્લામાં સમીક્ષા બેઠક યોજીને સ્થિતીની સમીક્ષા કરી રહ્યાં છે.

બોટાદ જિલ્લામાં વરસાદની સ્થિતિને અન્વયે જિલ્લાનાં પ્રભારી મંત્રી ભાનુબેન બાબરિયાના અધ્યક્ષસ્થાને બોટાદ કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. સ્થળાંતરિતોને અપાતી સુવિધાઓ, નીચાણવાળા વિસ્તારમાં ખાસ તકેદારી, વીજળીના થાંભલાઓ- વાયરોની તપાસ તેમ જ પાણી ભરાઈ જવાની સમસ્યા હોય તો દૂર કરવા સૂચના આપી હતી. જિલ્લાની ગર્ભવતી મહિલાઓ

અને વરિષ્ઠ નાગરિકોની સલામતી તેમ જ આરોગ્ય કેન્દ્રોમાં દવાના જથ્થા અંગેની પણ સૂચના આપી હતી.

વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી મુકેશ પટેલે શહેરના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ હાલની પરિસ્થિતિનો તાગ મેળવી સમીક્ષા કરી હતી. તો જિલ્લાનાં પ્રભારી સચિવ રેમ્યા મોહને પૂર અસરગ્રસ્ત કાશ્મીરનગર-બરૂડીયાવાડની મુલાકાત લીધી. ખેડા જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં રાહત બચાવ કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. છેલ્લા દિવસોમાં વરસાદથી અસરગ્રસ્ત થયેલા વિસ્તારોમાં સ્થળાંતર, બચાવ કામગીરી, માનવ અને પશુ ઇજા, પડેલા ઝાડ, મકાનના નુકસાન, વીજ અને પાણી પુરવઠા, આરોગ્ય, કાંસ સફાઈ, રોડ રસ્તા, શિક્ષણ અને ખેતીની પ્રવર્તમાન સ્થિતિ પર સંબંધિત વિભાગના અધિકારીઓની કામગીરીની રજૂઆત કરવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભાના નાયબ દંડક  વિજય પટેલે વઘઇ તાલુકાના વાઘમાળ ગામે અસરગ્રસ્ત પરિવારની મુલાકાત લીધી હતી. ઘરને થયેલ નુકસાન અંગે અધિકારીને માર્ગદર્શન આપી તાત્કાલિક સહાય ચુકવણીની કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતુ.જળસંપત્તિ અને પાણી પુરવઠા કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ સુરેન્દ્રનગર વિવિધ પાણી પુરવઠા વિભાગના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ગઈકાલે મુલાકાત લીધી.

.........................................................................

## Rajkot cashdol

રાજકોટ જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં વહીવટીતંત્રે સરવે કરી સહાય ચુકવણીની પ્રક્રિયા ધરી છે.

તા. 31-08-2024

સમય : સવારે 7.10

જિલ્લામાં ૧ હજાર ૨૭૪ અસરગ્રસ્ત લોકોની યાદી તૈયાર કરી અત્યાર સુધીમાં ૪૯૮ લોકોને ૬૦ હજાર ૨૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. સૌથી વધુ ગોંડલના 561 લોકોને આ સહાય ચૂકવાઈ હોવાની માહિતી રાજકોટ ડિઝાસ્ટર મામલતદાર કચેરીએ આપી છે.

.................................................................

## GCCI- HELP DESK

ગુજરાત ઉદ્યોગ અને વેપારી મહામંડળ- જીસીસીઆઈએ રાજ્યમાં તાજેતરના ભારે વરસાદના કારણે થયેલા નુકસાન સામે "વીમા" લાભ મેળવવા માટે ઉદ્યોગોને માર્ગદર્શન આપવા "ઇન્શ્યોરન્સ હેલ્પ ડેસ્ક"ની સ્થાપના કરી છે. આ એકમ દ્વારા વિવિધ વ્યાપાર તેમ જ ઔદ્યોગિક એકમોને વરસાદના લીધે થયેલા નુકસાન સામે દાવો રજૂ કરવા માર્ગદર્શન અપાશે તેમજ તેમને પડતી મુશ્કેલીનું નિવારણ પણ કરાશે.

GCCI “ઇન્શ્યોરન્સ ટાસ્કફોર્સ” અને “મહાજન સંકલન ટાસ્કફોર્સ” દ્વારા સંયુક્ત રીતે આ પહેલ કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતમાંથી વેપાર અને ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો તેઓના વીમા દાવા સબમિટ કરવા અથવા આ સંદર્ભે માર્ગદર્શન મેળવવા માટે GCCIનો સીધો સંપર્ક અથવા તેઓના સંબંધિત વેપાર/ઉદ્યોગ એસોસિએશન દ્વારા dy.sec@gujaratchamber.org નો સંપર્ક કરી શકે છે.

.................................................................

તા. 31-08-2024

સમય : સવારે 7.10

# TAPI- RASIKARAN

તાપી જિલ્લામાં પોલિયો, અછબડા જેવા રોગ માટે રસીકરણનું મહાઅભિયાન ચાલી રહ્યું છે. 10 અને 16 વર્ષના બાળકોને ઓરી, અછબડા, લિયો જેવા રોગથી સુરક્ષિત કરવા માટે રસીકરણ અભિયાન શરૂ કરાયું છે.

જિલ્લા આરોગ્ય તંત્રએ ઘરે-ઘરે અને શાળાઓમાં જઇને આ અભિયાનને વેગવંતુ બનાવ્યું છે. ગઈકાલે વ્યારાની એક શાળામાં રસીકરણ હાથ ધરાયું હતું. આ અંગે વધુ માહિતી આપે છે જિલ્લા RCH અધિકારી ડો. ભાર્ગવ દવે..

**(બાઇટ- ડો. ભાર્ગવ દવે)**

.................................................................

# GIR SOMNATH DABAN

ગીરસોમનાથ જિલ્લા વહીવટી તંત્રએ ગેરકાયદે દબાણ દૂર કરવાની કામગીરીના બીજા દિવસે 10 કરોડ 32 લાખ રૂપિયાની કિંમતની જમીન પર દબાણ હટાવ્યું હતું. તંત્રએ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામમાં ગૌચરની ગેરકાયદે દબાણ કરનારા 21 દબાણકર્તાઓને દૂર કરી આ જમીન ખૂલ્લી કરાવી હતી. છેલ્લા 2 દિવસમાં તંત્રએ ગેરકાયદે દબાણ કરનારા 36 લોકોને દૂર કરી કુલ 17 કરોડ 36 લાખ રૂપિયાની જમીન ખૂલ્લી કરાવી હતી. હજી પણ આ કામગીરી યથાવત્ રહેશે.

.................................................................

તા. 31-08-2024

સમય : સવારે 7.10

# KHETI NIYAMAK MARGDARSHIKA

રાજ્યમાં ખેડૂતોના મકાઈના પાકમાં લશ્કરી ઇયળના સંકલિત વ્યવસ્થાપન માટે રાજ્ય સરકાર હેઠળની ખેતી નિયામકની કચેરીએ માર્ગદર્શિકામાં મહત્વના પગલાં સૂચવ્યા છે. આ માર્ગદર્શિકા મુજબ, ખેતરમાં પ્રકાશ પિંજર પ્રતિ હેક્ટરે એકની સંખ્યામાં ગોઠવી જીવાતનો નાશ કરવો જોઈએ. તેમ જ જીવાતના બિન-રાસાયણિક નિયંત્રણ માટે પાંચ ગ્રામ માટી-રેતીને મકાઈના છોડ વાવણીના 30થી 45 દિવસ પછી ભૂંગળીમાં આપવાથી સારું નિયંત્રણ મળતું હોવાની પણ વાત કહેવામાં આવી છે.

ઈયળનો ઉપદ્રવ વધુ જણાય તો દવાનો છંટકાવ કરવાની પણ સલાહ આપવામાં આવી છે.

..........................................................................